| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| નિકાલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ:૦, માસ:૫, દિવસ:૦ |

**દેવભૂમિ ધ્વારકા જિલ્લાના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.ખંભાળીયા.**

**ફોજદારી રીવીઝન અ.નં.૦૯/૨૦૨૬**

**૧. દિગ્વિજયસિંહ ઉર્ફે શક્તિસિંહ ઘનશ્યામસિંહ પરમાર,**
ઉ.વ.આ.૩૮, ધંધો-વેપાર,
રે.ગાંગડ ગામ, તા.બાવળા, જી.અમદાવાદ.

**૨. કિશનસિંહ નારૂભાસિંહ રાઠોડ,**
ઉ.વ.આ.૨૯, ધંધો-વેપાર,
રે.કાવીઠા ગામ, તા.બાવળા, જી.અમદાવાદ. **...અરજદારો**

**વિરૂધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
થ્રુ ડી.જી.પી. સાહેબ,
દેવભૂમિ ધ્વારકા, મુ.ખંભાળીયા. **...સામાવાળા**

---

**બાબત :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૩૮ મુજબ રીવીઝન અરજી.

---

અરજદારો તરફે વિ.વ.શ્રી **એચ.એમ.ભટ્ટ**
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી **બી.એસ.જાડેજા**

---

-:: **<u>હુકમ</u>** ::-

**૧.** હાલની રીવીઝન અરજી ખંભાળીયા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૪૨૫૦૫૯૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૨૦૪, ૨૦૫, ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૩૯ મુજબના ગુનાના કામે અરજદાર વિરૂધ્ધ કલમ-૩૩૮ મુજબનો ગુનો બનતો ન હોવાથી સદર કેસમાં બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૨, ૨૨૭ મુજબ અરજદારને ડીસ્ચાર્જ કરવા અંગેની આંક : ૯ થી અરજી કરતા નામદાર ખંભાળીયાના મહે. શ્રી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબે અરજદારની આંક : ૯ ની ડીસ્ચાર્જ અરજી નામંજુર કરતા, તે હુકમથી નારાજ થઈ, હાલની આ રીવીઝન અરજી દાખલ કરેલ છે.

**૨.** રીવીઝન અરજી સંદર્ભે અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.એમ.ભટ્ટ નાઓને સાંભળ્યા તથા સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજાનાઓ હાજર થતા તેઓને સાંભળ્યા.

**3.** રીવીઝન અરજીના કામે વિ.વ.શ્રી એચ.એમ.ભટ્ટનાઓએ અરજીમાં જણાવ્યા મુજબ લંબાણપૂર્વકની મૌખિક દલીલ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, નામદાર નીચેની કોર્ટનો હુકમ કાયદા તથા હકીકતથી વિરૂધ્ધનો હોય તેથી વાદગ્રસ્ત હુકમ રદ થવા પાત્ર છે. નામદાર નીચેની કોર્ટે બી.એન.એસ.ની કલમ-૨(૩૧) માં આપેલ કિંમતી જામીનગીરીની વ્યાખ્યા ધ્યાને લીધા સિવાય આરોપી તરફેની ડીસ્ચાર્જ અરજી નામંજુર કરેલ છે.

**3.૧.** વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, આરોપી સામે બી.એન.એસ. ની કલમ-૨૦૪, ૨૦૫, ૩૩૬(૨), ૩૩૬(૩), તથા ૩૩૯ ના ગુના સબબ ચાર્જફ્રેમ કરવા સામે વાંધો નથી. પરંતુ, બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબ કોઇ ગુનો બનતો નથી તેથી, ડીસ્ચાર્જ અરજી નામંજુર કરવામાં વિ. ટ્રાયલ કોર્ટે ગંભીર પ્રકારની ભૂલ કરેલ હોવાની દલીલ કરેલ છે.

**૩.૨.** વિ.વ.શ્રીએ આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબનો ગુનો બનતો ન હોવાની દલીલ અનુસંધાને આરોપીની ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૩/૨૦૨૫ થી જામીન ઉપર મુકત થવાની અરજી તથા અરજી લગત હુકમ રજુ કરેલ છે, જે હુકમ વંચાણે લઇ વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, સરકારી વકીલ, આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબનો ગુનો બનતો નથી તે હકીકત સાથે સંમત થતા હોવાનો હુકમમાં ઉલ્લેખ કરેલ છે, અને તેથી જ વિ.સેશન્સ કોર્ટે આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કરેલ હોવાની દલીલ કરેલ છે.

**૩.૩.** આરોપી તરફે વિ.વ.શ્રીએ બી.એન.એસ.ની કલમ-૨(૩૧)માં આપવામાં આવેલ કિંમતી જામીનગીરીની વ્યાખ્યા વંચાણે લઇ, ફરીયાદમાં કરેલ આક્ષેપ મુજબ આરોપીએ કોઇ વેલ્યુએબલ સીકયુરીટી કે વીલની ફોર્જરી કરેલ હોવાનુ ખૂલવા પામેલ નથી. આ સંજોગોમાં આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબનો ચાર્જ વિ.ટ્રાયલ કોર્ટ ફરમાવી શકે તેમ ન હોય, વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવા અને હાલની રીવીઝન અરજી મંજુર કરવા દલીલ કરેલ છે.

**૪.** સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજાનાઓએ લંબાણપૂર્વકની દલીલ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, હાલના આરોપીને વાહન ચેકીંગની કામગીરી દરમ્યાન અટકાવી નામ પૂછતા પોતાનુ ખોટુ નામ જણાવેલ અને એક ઓળખકાર્ડ બતાવી જેમા સી.આઇ.ડી. ઇન્ટેલીજન્સ ગુજરાત સ્ટેટ અને ડાબી બાજુએ અશોક સ્તંભ વિગેરે લખેલ, જે કાર્ડ ઉપર કલર ફોટો લગાવી અને તેના ઉપર એડીશ્નલ ડી.જી.પી. (સી.આઇ.ડી.) ઇન્ટેલીજન્સ ગુજરાત સ્ટેટ ગાંધીનગર અને વચ્ચેના ભાગે અશોક સ્તંભવાળો રાઉન્ડ શીલ મારેલ, તેમા ઇશ્યુઇંગ ઓથોરીટીની સહી કરેલ. ઓળખકાર્ડ જોતા બીજા વ્યકિતનો ફોટો લગાડેલ હોવાનુ જોવામાં આવેલ, તેઓ જે ગાડીમાં હતા તે ગાડીમાં એક જ સરખા બે બનાવટી કાર્ડ મળી આવેલ તથા ગાડીની પાછળના ભાગે ૩ બીયરના ટીન, સાઇરન વગેરે મળી આવેલ. આરોપીનુ ખરુ નામ આધારકાર્ડમાં જોતા દિગ્વિજયસિંહ ઘનશ્યામસિંહ હોવાનુ જણાવેલ. આમ, વ્યકિત પોતે ન હોવા છતાં

સી.આઇ.ડી. ઇન્ટેલીજન્સ ગુજરાત સ્ટેટ વિભાગના અધિકારી તરીકેનુ બનાવટી ઓળખકાર્ડ બનાવેલ, તે જોતા આરોપીએ બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનુ જણાય આવે છે. આરોપી સામે કરવામાં આવેલ આક્ષેપ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. આથી, વિ.ટ્રાયલ કોર્ટે બી.એન.એસ.એસ. ની કલમ-૨૨૭ મુજબ હાલના રીવીઝનકર્તાને ડીસ્ચાર્જ કરવા માટેની આંક : ૧૯ ની અરજી નામંજુર કરેલ છે તે કાયદાની જોગવાઇ મુજબની છે અને તેમાં કોઇ હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાય આવતુ ન હોવાની દલીલ કરી રીવીઝન અરજી રદ કરવા દલીલ કરેલ છે.

**૫.** અરજદારની અરજી તથા સામાવાળાની મૌખિક રજુઆતને ધ્યાને લેતા, સદર રીવીઝનના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા નં.૧.** શું અરજદાર સાબિત કરે છે કે, આ કામે ખંભાળીયાના વિધ્વાન ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીનાઓએ આંક : ૯ ની ડીસ્ચાર્જ અરજી તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ છે, જે હુકમ ગેરકાયદેસર અને રદ થવા પાત્ર છે?

**મુદ્દા નં.૨.** શું હુકમ?

**૫.૧.** ઉપરોકત મુદ્દાના નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧.** નકારમાં

**મુદ્દા નં.૨.** આખરી હુકમ મુજબ

**-:: <u>કારણો</u> ::-**

**૬.** બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮(૨) ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો, ઈન્ટરલોકયુટરી ઓર્ડર (વચગાળાના હુકમ) સામે રીવીઝન અરજી થઈ

શકે નહી તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં વચગાળાનો હુકમ, એ હુકમ છે કે જે સંપુર્ણપણે પ્રોસીજરલ હોય અને પક્ષકારોના હકકને અસરકર્તા ન હોય, જો પક્ષકારોના હકક-હિતને અસરકર્તા હોય અને કાર્યવાહીનો અંત આવતો હોય તો તે ઈન્ટરલોકયુટરી ઓર્ડર ગણાવી શકાય નહી અને તે સંજોગોમાં બી.એન.એસ.એસ. ની કલમ-૪૩૮(૨) ની જોગવાઈનો બાધ નડે નહી.

**૭.** આ રીવીઝન અરજીનો ગુણદોષ ઉપર નિર્ણય કરતા પહેલા રીવીઝનલ કોર્ટ તરીકેની અદાલતની સતા અને રીવીઝન અરજીનો નિર્ણય કરતા સમયે કઈ કઈ બાબતની વિચારણા અદાલતે કરવાની છે તેની ચર્ચા સૌપ્રથમ કરવી જરૂરી છે. ફોજદારી રીવીઝન અરજી એક વૈધાનિક અધિકાર છે. આ માટે બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ થી ૪૪૨ માં જોગવાઈ કરવામાં આવેલ છે. રીવીઝન માટેની સેશન્સ અદાલત તેમજ નામદાર ઉચ્ચ અદાલતને સમાંન્તર અને સમર્વતી સત્તા છે. બી.એન.એસ.એસ.ની કલમ-૪૪૦ થી સેશન્સ કોર્ટને અને કલમ-૪૪૨ થી નામદાર ઉચ્ચ અદાલતને રીવીઝનની સત્તાઓ આપવામાં આવેલ છે. અદાલતને બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ થી ૪૪૨ માં મુખ્ય સત્તા આપવામાં આવેલ છે. ફોજદારી રીવીઝન ચલાવવામાં આવે ત્યારે જે પુરાવો ઉપલબ્ધ હોય તેનું પુન:મુલ્યાંકન થઈ શકે નહી. સેશન્સ અદાલતને આધીન જે અદાલતો છે તેની કાર્યવાહીમાં ઔચિત્ય જળવાય છે કે કેમ ? તેની દેખરેખ રાખવાની સત્તા આ કલમ હેઠળ આપવામાં આવેલ છે. નીચેની અદાલતમાં ચાલતી કોઈ કાર્યવાહી નિયમતીપણે ચાલે છે કે કેમ, તે કાર્યવાહી કાયદેસર અને ખાસ કારણે કાર્યરીતીના અનુસંધાને દુષિત બની જતી નથી એ બાબત લક્ષ પર રાખી રીવીઝનની સત્તાનો અમલ કરવાનો રહે છે. જયારે રીવીઝન અરજી ની કાર્યવાહી ચાલી રહી હોય ત્યારે, ખાસ કરીને જે આદેશની સામે અપીલનો અધિકાર પક્ષકારોને ન હોય, ત્યારે રીવીઝનનો અમલ કરતી અદાલતે વિશેષ કાળજી રાખવાની હોય છે કે જે કારણે અન્યાય ન થાય. ન્યાય અધુરો હોય શકે નહી, ન્યાય સંદિગ્ધ હોય શકે નહી અને તે પરિસ્થિતિને પહોંચી વળવા માટે રીવીઝનની સત્તાઓ અને તેના પ્રબંધો આપવામાં

આવેલ છે. ન્યાયનો હેતુ પાર પડવા માટે આ પ્રબંધ કરવામાં આવેલ છે. ટ્રાયલ કોર્ટ ધ્વારા, જયારે કોઈ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવતી હોય ત્યારે કાર્યવાહીમાં જે કાર્યરીતી અને પ્રક્રિયા અપનાવવાની હોય તેમાં ન્યાયની અનિયમીતા ન આવે તેથી તેનો અમલ ચુસ્તપણ થાય છે કે કેમ તે ખાતરી કરવી અને રીવીઝન સત્તાનો અમલ કરવો તે આ જોગવાઈનો વ્યાપ છે. આ જોગવાઈ મુજબ કોઈ ચુકાદો આપવામાં આવે તે કાનુન મુજબનો હોય તે સર્વ પ્રથમ બાબત છે અને કાનુન મુજબ જે આદેશ ન થઈ શકે તેવો આદેશ કરવામાં આવ્યો હોય તો તે રીવીઝનની વિષય વસ્તુ છે. કાયદાની જોગવાઈઓના આધારે આદેશ કરવામાં આવ્યો હોય તો તે આદેશ કાનુન મુજબનો છે. ટ્રાયલ કોર્ટે કાનુન મુજબ આદેશ કરેલો હોય તેમાં યોગ્ય કાનુની જોગવાઈઓ લાગુ કરવામાં આવેલ છે કે કેમ તેની તપાસણી કરવી તે કાયદેસરતા કહી શકાય અને આદેશ કરવામાં આવ્યો હોય તે પરિસ્થિતિ કાનુન વિરૂધ્ધની ન હોય તે જોવાની ફરજ રીવીઝનનો અમલ કરતી અદાલતની રહે છે. સાથોસાથ કાયદા મુજબનો આદેશ માત્ર ન્યાયિક હોય તે પર્યાપ્ત નથી, પરંતુ તે ઔચિત્યપૂર્ણ પણ હોવો જોઈએ એટલે કે જે આદેશ થયો હોય તે મર્યાદાની બહારનો ન હોવો જોઈએ. વધુમાં જે કાર્યવાહી ચલાવવાની હોય તે કાનુન મુજબની હોવી જોઈએ અને તેમાં કોઈ અનિયમીત ન હોય એટલે કે કાનુન વિરૂધ્ધ કોઈ તત્વ દાખલ થયેલ ન હોવું જોઈએ. આ જોગવાઈ હેઠળ ટ્રાયલ કોર્ટે કરેલ આદેશની નિયમીતાની, ઔચિત્યની, શુધ્ધતાની ચકાસણી અને ચૌકસાઈ કરવાની રહે છે અને તે માટે ટ્રાયલ કોર્ટની કાર્યવાહીનું રેકર્ડ મંગાવી તેની તપાસણી કરવામાં આવે છે અને ત્યારપછી કરવામાં આવેલ આદેશ યોગ્ય, કાયદેસર અને શુધ્ધ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે. ઈન્સાફી કાર્યવાહી ચાલતી હોય ત્યારે આદેશ કરવામાં આવે છે અને તેની અસર પક્ષકાર પર થતી ન હોય કે તેમને અન્યાય કે પૂર્વગ્રહ થતો ન હોય તો તેવા વચગાળાના આદેશ ઉપર રીવીઝન થઈ શકે નહી. જયારે પણ કોઈ પક્ષકારના અધિકાર ને મહત્વપૂર્ણ રીતે અસર થતી હોય ત્યારે તેવો આદેશ વચગાળાનો આદેશ કહી શકાય નહી. વચગાળાનો આદેશ ગણાય કે નહી તેનો નિર્ણય આદેશની અસર પક્ષકારના અધિકાર પર શું અસર થાય છે તે બાબત કેન્દ્ર સ્થાને રાખી નકકી કરવાની રહે છે. અદાલત કયારેક કાયદા વિરૂધ્ધ આદેશ કરી

કાયદાની મર્યાદા બહાર જાય તો તેવા આદેશને આ જોગવાઈ હેઠળ પડકારી શકાય છે. કાર્યવાહીની શુધ્ધતા, ઔચિત્ય, કાર્યવાહી ની કાયદેસરતા અને કાર્યવાહી ની તરી આવતી અનિયમીતતા નીવારવા માટે આ જોગવાઈ કરવામાં આવેલ છે. જે આદેશ પડકારવામાં આવ્યો હોય અને તે આદેશને કારણે પક્ષકારના અધિકાર પર શું અસર થશે, ઈન્સાફી કાર્યવાહીની તેની પર શું અસર થશે, તેવા કારણે કોઈ પક્ષકારને પૂર્વગ્રહ થાય તેમ છે કે કેમ, આવા આદેશને કારણે કાર્યવાહી દુષિત બને છે કે કેમ, જે આદેશ કરવામાં આવ્યો છે તેની ઈન્સાફી કાર્યવાહી પર દુરોગામી અસર થશે કે કેમ અને જે તે કેસની તમામ હકીકતો, તમામ સંજોગો પક્ષકારની પરિસ્થિતિ વિગેરે તમામ હકીકતો લક્ષ પર રાખીને એ આદેશ વચગાળાનો આદેશ ગણાય કે કેમ તે અદાલતે નકકી કરવાનું રહે છે. કોઈપણ ન્યાયિક કાર્યવાહીમાં ઔચિત્ય જળવાવું જોઈએ, શુધ્ધતા જળવાવી જોઈએ, પ્રક્રિયાની બાબતમાં નિયમિતતા જળવાવી જોઈએ અને કાયદેસર રીતે કાર્યવાહી ચાલી હોય તો જ તેને પૂર્ણ ન્યાય કહી શકાય. જો કોઈ ખામી રહી જવા પામી હોય તો તે કાર્યવાહીને દુષિત કાર્યવાહી કહી શકાય. ન્યાયિક કાર્યવાહી કયારેય પણ દુષિત હોય શકે નહી. ઔચિત્ય ભંગને કારણે, કાયદેસર નહી ચલાવવાના કારણે ન્યાયનો હેતુ નિષ્ફળ જતો હોય, કરવામાં આવેલ નિર્ણય સંપૂર્ણ ભુલ ભરેલો હોય, પુરાવાનું કરેલ મુલ્યાંકન વિકૃત પ્રકારનું હોય, કરવામાં આવેલ આદેશ કોઈપણ પ્રકારના પુરાવા વગર કરવામાં આવ્યો હોય, મહત્વપૂર્ણ પુરાવો જે રેકર્ડ પર ઉપલ્બધ હોય તે લક્ષ પર લેવામાં આવ્યો ન હોય અને જયારે વિવેકબુધ્ધી પૂર્વકનો આદેશ કરવાનો હોય ત્યારે તે અન્યાયી હોય અથવા તો અધિકૃત રીતે કોઈ એકતરફી કરવામાં આવ્યો હોય અથવા તો તેમા મનસ્વીપણું દેખાતું હોય તો તેવા સંજોગોમાં ચોકકસ પણે રીવીઝનની સત્તા અમલ કરતી અદાલત હસ્તક્ષેપ કરી શકે છે. રીવીઝનની સત્તાનો અમલ કરતી અદાલત, માત્ર આધિન અદાલત પર દેખરેખ રાખવાની જે હકુમત છે તેના અનુસંધાને કાર્યવાહી ચલાવે છે અને તેનો નિકાલ લાવે છે. ન્યાયનો હેતુ માર્યો ન જાય અને કાર્યવાહીની શુધ્ધતા તથા ઔચિત્ય જળવાય તેટલા પુરતો જ રીવીઝન ચલાવતી અદાલત હસ્તક્ષેપ કરી શકે છે. આ જોગવાઈને આધિન, નીચેની અદાલત પર દેખરેખ રાખવાની સત્તા ધરાવતી ઉપરની અદાલત જો અનિયમતતા હોય તો તેને

સુધારે છે અને કાર્યવાહી દુષિત થતી હોય તો યોગ્ય આદેશ કરીને શુધ્ધતા બધું છે. આ પ્રબંધોથી સેશન્સ કોર્ટને તથા નામદાર ઉચ્ચ અદાલતને સમાન્તર સત્તા આપવામાં આવેલ છે. આમ છતાં જયારે એક જ આદેશના અનુસંધાને બંને અદાલતો સમક્ષ રીવીઝન અરજી કરવામા આવેલ હોય ત્યારે નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા જે આદેશ કરવામાં આવે તે આદેશ સેશન્સ અદાલતમાં પણ લાગુ પડશે અને એ સંજોગોમાં સેશન્સ કોર્ટને રીવીઝન અંગેની સત્તા રહેતી નથી અને તેમાં હસ્તક્ષેપ કરી શકે નહી. પક્ષકારોના મહત્વના અધિકારને તકરારી હુકમથી અસર થતી હોય તો આ જોગવાઈ હેઠળ રીવીઝન થઈ શકે. વધુમાં જે દસ્તાવેજી પુરાવા ટ્રાયલ કોર્ટમાં રજુ કરવામાં આવેલ ન હોય તેવા પુરાવા પર રીવીઝન અરજી ચલાવતી અદાલત લક્ષ આપી શકે નહી કે ધ્યાનમાં લઈ શકે નહી. પક્ષકારોની ગેરહાજરીને કારણે ગુણદોષ પર વિચારણા કર્યા વગર રીવીઝન અરજી રદ કરી શકાય નહી. કારણ કે તેમાં કાર્યવાહીની નિયમીતા, શુધ્ધતા, કાયદેસરતા અને ઔચિત્ય તપાસવાના છે, અદાતલ પોતે જ રેકર્ડ તપાસીને પોતાની જાતને સંતોષ થાય તેવો આદેશ કરવાનો રહે છે.

**૮.** બન્ને પક્ષોની તમામ રજુઆતોને ધ્યાને લેતા, આ કામે રીવીઝનકર્તાની વિરૂધ્ધમાં ખંભાળીયા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૪૨૫૦૫૯૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૨૦૪, ૨૦૫, ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૩૯ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબનો કોઇ ગુનો બનતો ન હોવાથી સદર કેસમાં ડીસ્ચાર્જ કરવા માટેની અરજી આંક : ૯ થી ખંભાળીયાના વિ.ચીફ જયુડી. મેજી. સાહેબ સમક્ષ કરતા, જે અરજી નામંજુર કરતા, તે હુકમથી નારાજ થઇ, હાલની રીવીઝન અરજી કરેલ છે.

**૮.૧.** આ કામે અરજદારની રીવીઝન અરજીની ટુંકમાં હકીકત જોઇએ તો, આ કામે આરોપી/રીવીઝનકર્તા વિરૂધ્ધમાં ખંભાળીયા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૪૨૫૦૫૯૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૨૦૪, ૨૦૫,

૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૩૯ મુજબનો ગુનો કરવા બદલ એફ.આઇ.આર. કરવામાં આવેલ છે. હાલના ગુનાના કામે ચાર્જશીટ વિ.ચીફ જયુડી. મેજી.શ્રી, ખંભાળીયા સમક્ષ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. હાલના ગુનાના કામે આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ ગુનાઓ પૈકી માત્ર બી.એન.એસ. ની કલમ-૩૩૮ મુજબ ડીસ્ચાર્જ કરવા માટે અરજ/વિનંતી કરવામાં આવેલ છે અને આરોપી તરફે મહત્વની તકરાર બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબનો કોઇ ગુનો બનતો નથી તેવી તકરાર લેવામાં આવેલ છે. બી.એન.એસ.ની કલમ-૨(૩૧) અને ૩૩૮ વંચાણે લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

**<u>બી.એન.એસ.ની કલમ-૨(૩૧)</u> :-**

> "valuable security" means a document which is, or purports to be, a document whereby any legal right is created, extended, transferred, restricted, extinguished or released, or whereby any person acknowledges that he lies under legal liability, or has not a certain legal right. A writes his name on the back of a bill of exchange. As the effect of this endorsement is to transfer the right to the bill to any person who may become the lawful holder of it, the endorsement is a "valuable security"

**<u>બી.એન.એસ.ની કલમ-૩૩૮</u> :-**

> "Whoever forges a document which purports to be a valuable security or a will, or an authority to adopt a son, or which purports to give authority to any person to make or transfer any valuable security, or to receive the principal, interest or dividends thereon, or to receive or deliver any money, movable property, or valuable security, or any document purporting to be an acquittance or receipt acknowledging the payment of money, or an acquittance or

receipt for the delivery of any movable property or valuable security, shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine."

**૮.૨.** બી.એન.એસ.ની કલમ-૨(૩૧) માં કિંમતી જામીનગીરી (વેલ્યુએબલ સીકયુરીટી) ની વ્યાખ્યા કરવામાં આવેલ છે. કિંમતી જામીનગીરીની વ્યાખ્યામાં દસ્તાવેજ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તે દસ્તાવેજ થકી કોઇ કાનૂની હકક ઉત્પન્ન કરવા, વિસ્તારવા, હસ્તાંતર કરવા, નિયંત્રીત કરવા, જતા કરવા તેને વેલ્યુએબલ સીકયુરીટી તરીકે ગણવામાં આવેલ છે. હવે બી.એન.એસ. ની કલમ-૩૩૮ વંચાણે લેતા, તેમા માત્ર વીલને બનાવટી કરવી (ફોર્જરી) નો ઉલ્લેખ નથી. પરંતુ, વેલ્યુએબલ સીકયુરીટીનો પણ ઉલ્લેખ છે અને વેલ્યુએબલ સીકયુરીટીની વ્યાખ્યા બી.એન.એસ.ની કલમ-૨(૩૧)માં કરવામાં આવેલ છે, જેમા દસ્તાવેજ શબ્દનો ઉલ્લેખ છે. ભારતીય શાખ્ય અધિનિયમમાં (બી.એસ.એ.) ની કલમ-૨(ડી) માં ડોકયુમેન્ટની વ્યાખ્યા કરવામાં આવેલ છે, જે મુજબ એવુ લખાણ, ચિત્રણ, આંકડા, નિશાની કે જે પુરાવા તરીકે ઉપયોગમાં લેવાના હેતુથી કરવામાં આવેલ હોય, તેવા તમામ લખાણને દસ્તાવેજ તરીકે ગણવામાં આવે છે. હાલના આરોપી પાસેથી જે આઇ.ડી. કાર્ડ મળી આવેલ છે તે આઇ.ડી. કાર્ડમાં અન્યના નામનો ઉલ્લેખ છે, જયારે આરોપીના પોતાના આધારકાર્ડમાં પોતાના નામનો ઉલ્લેખ છે. પરંતુ, આઇ.ડી. કાર્ડમાં હાલના આરોપીનુ નામ ન હતુ પરંતુ ફોટો આરોપીનો હતો. આરોપીને પૂછતા તેણે પોતાનુ નામ ઓળખકાર્ડવાળુ જણાવેલ. આમ, આરોપીએ પોતાની અસલ ઓળખ છુપાવી ખોટી ઓળખ સાથે ખોટા ઓળખકાર્ડના આધારે આપવા પ્રયત્ન કરેલ છે અને તે માટે આરોપીનો ઇરાદો પોતાના વ્યકિતગત લાભ મેળવવા માટેનો હતો અને પોતાની ઓળખ છુપાવી બીજાને છેતરવા માટેનો હતો. ફરીયાદ વંચાણે લેતા વાહનમાંથી બનાવટી ઓળખકાર્ડ સાથે સાઇરન અને બીયરની બોટલો મળી આવેલ છે. જે મુદ્દામાલ થકી આરોપી પોતાની અસલ ઓળખ છુપાવી ખોટા આઇ.ડી. કાર્ડના આધારે ખોટો લાભ લેવા માટેનો ઇરાદો હતો તેવુ માની શકાય.

**૮.3.** વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં વિ.સેશન્સ કોર્ટના હુકમનો ઉલ્લેખ કરેલ છે તે વિ.એ.પી.પી.શ્રીની માન્યતા મુજબનો છે. વિ. સેશન્સ કોર્ટે જામીન મુકિતના હુકમમાં આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૩૮ મુજબનો ગુનો બનતો નથી તેવુ સ્પષ્ટ રીતે ઠરાવેલ નથી. વધુમાં જામીન અરજીના તબકકે આરોપી વિરૂધ્ધ કોઇ ગુનો બને છે કે કેમ? તે નકકી કરવાનુ હોતુ નથી.

**૯.** નામદાર સુપ્રીમકોર્ટ અને વિવિધ નામદાર હાઈકોર્ટના વિવિધ નિર્ણયોમાંથી ઉદ્ભવતા આવા સિદ્ધાંતોને ધ્યાને લેતા કહી શકાય કે, તહોમતનામુ ઘડવુ એટલે કે, "આરોપ ઘડવો એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ આરોપીએ ગુનો કર્યો હોવાનું અનુમાન કરવા માટે કોઈ આધાર છે કે કેમ તે વિચારણામાં જ્યુડીશીયલ માઇન્ડને એપ્લાય કર્યા પછી જજ અથવા મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવતી ન્યાયિક કૃત્ય". આરોપો ઘડતી વખતે, અદાલતે, રેકોર્ડ પરની સામગ્રીના સંભવિત મૂલ્યમાં જવાનું હોય છે અને અદાલતે મામલામાં ઊંડાણપૂર્વક જવાની અને સામગ્રીને, આરોપીને દોષિત ઠેરવવા સુધીના હોય તેવી ધારણા કરવાની અપેક્ષા રાખવામાં આવતી નથી. ચાર્જશીટના તબક્કે રેકોર્ડ પરની સામગ્રીનું મૂલ્યાંકન કરવું જરૂરી છે અને ત્યાં ફેસ વેલ્યુ પર લેવામાં આવેલા તથ્યો, કથિત ગુનાની રચના કરતી તમામ ઘટકોના અસ્તિત્વને જાહેર કરે છે કે કેમ. તે યોગ્ય છે કે, ડિસ્ચાર્જ માટેની અરજીની વિચારણાના તબક્કે, અદાલતે એવી ધારણા સાથે આગળ વધવું, અને ફરિયાદ પક્ષ દ્વારા રેકોર્ડ પર લાવવામાં આવેલી સામગ્રી સાચી છે અને તેમાંથી બહાર આવતાં તથ્યો ગુનાના ઘટકોના અસ્તિત્વને જાહેર કરે છે કે કેમ તે જાણવા માટે આવી સામગ્રીનુ મૂલ્યાંકન કરવુ જોઇએ. તહોમતનામુ ઘડવુ એ ખાલી ઔપચારિકતા નથી. જે વાસ્તવિક ઘટનાઓ બની છે તેની સ્પષ્ટ સમજણમાં આવવુ જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે સત્ય સુધી પહોંચવા માટે યોગ્ય અને જરૂરી પગલા લેવામાં આવ્યા છે.

**૯.૧.** ટ્રાયલના પ્રારંભમાં અને પ્રારંભિક તબકકે ફરિયાદી જે પુરાવાઓ રજુ કરવાનો પ્રસ્તાવ મુકે છે ત્યારે અદાલતે આરોપીને દોષિત ઠેરવવા માટે પુરતો

આધાર છે કે કેમ તે કોર્ટે જોવાનુ નથી.આરોપો ઘડવાના તબકકે, ફરીયાદ પક્ષે પુરાવાઓ શરૂ થતા નથી અને ચુકાદાના ધોરણે કે જે આરોપીને આપવાથી દોષિત ઠરાવતા પહેલા અથવા અન્યથા લાગુ કરવાના હોય છે. આ તબકકે રજુ પુરાવાને વિગતવાર તપાસ કરવાની જરૂર રહેતી નથી.પરંતુ આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે પુરતો પુરાવો છે કે કેમ તે જોવાનું રહે છે.

**૯.૨.** આરોપો ઘડવાના તબક્કે કોર્ટે તમામ બાબતો ધ્યાનમાં લેવાની હોય છે કે શું રેકોર્ડ પરની પુરાવા સામગ્રી સામાન્ય રીતે સ્વીકારવામાં આવે તો, આરોપીને ગુના સાથે વ્યાજબી રીતે જોડશે કે કેમ, કારણ કે આરોપ ઘડવાના તબક્કામાં, ફરિયાદી જે પુરાવા આપવાનો પ્રસ્તાવ મૂકે છે તેની સત્યતા અને અસરને સાવચેતીપૂર્વક નક્કી કરવામાં આવતી નથી. કસોટી, પુરાવા અને ચુકાદાના ધોરણો, જે આખરે આરોપીને દોષિત ઠરાવ્યા પહેલા અથવા અન્યથા લાગુ કરવાના હોય છે. ચાર્જ ઘડતી વખતે કોર્ટે આરોપના તબક્કે પુરાવાનું વેઈટ જોવાનું નથી. આરોપ ઘડવાના સમયનો તબક્કો, અદાલતે પુરાવાને જોવું જરૂરી છે, કોઈ ઝીણવટભરી તપાસ જરૂરી નથી. અત્રેએ નોંધવું જોઈએ કે, ફરીયાદપક્ષ ના રજુ થયેલ દસ્તાવેજી પુરાવા આરોપીને દોષિત ઠરવા સુધી લઇ જાય, તે રીતે પુરતા પુરાવા હોવા જોઇએ તેવુ આ તબકકે માની શકાય નહી.

**૧૦.** વધુમાં આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૩૯ મુજબનો આક્ષેપ છે. પરંતુ, કલમ-૩૩૯ વંચાણે લેતા, તેમા કલમ-૩૩૭ અને ૩૩૮ નો ઉલ્લેખ છે તેથી, જો કલમ-૩૩૯ મુજબ ચાર્જફ્રેમ કરવામાં આવે અને કલમ-૩૩૮ મુજબ ચાર્જફ્રેમ કરવામાં ન આવે તો પણ કલમ-૩૩૯ મુજબ ચાર્જફ્રેમ કરવાનો કોઇ અર્થ રહે નહી. આથી, ટ્રાયલ કોર્ટે રજુ થયેલ રેકર્ડ, પોલીસ પેપર્સ ઉપરથી તહોમતનામુ ફરમાવેલ હોય, ચાર્જફ્રેમના તબકકે ડીસ્ચાર્જ અરજી નામંજુર કરેલ છે તે કાયદા મુજબની છે, તેમાં કાયદાની કોઇ ભૂલ નથી અને તેમા હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતો નથી. આમ, ઉપર મુજબની ચર્ચાને આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

- રીવીઝનકર્તાની રીવીઝન અરજી ના-મંજુર કરવામાં આવે છે.

- વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાળીયાના ફોજદારી કેસ નં.૧૭૨૫/૨૦૨૫ ના કામે આંક : ૯ થી ડીસ્ચાર્જ અરજી નામંજુર કરેલ છે તે હુકમ યોગ્ય ઠરાવવામાં આવે છે.

- રેકર્ડ અને પ્રોસીડીંગ વિ.ટ્રાયલ કોર્ટને હુકમની નકલ સામેલ રાખી મોકલી આપવુ.

હુકમ આજરોજ **તા.૦૬, માહે-ઓગષ્ટ, સને-૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૦૬/૦૮/૨૦૨૬**
**ખંભાળીયા**.

*(વી.કે.જુંગી)*

**(એસ.જી.મનસુરી)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા
Code No.G.J.00603